જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૩/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૬૨૪/૧૭**

**શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ**

સંયુકત પોલીસ. કમિશ્નર શ્રી પિયુષ પટેલ સાહેબની સુચનાથી ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન ૩ ઉષા રાડા સાહેબ તથા એ.સી.પી શ્રી બળદેવ દેસાઇ સાહેબનાં માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબની સુચનાથી પો.સ.ઇ જે.એ.બારોટ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરના નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અનિલ સ્ટાર્ચ રોડ ખાતેથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના ચીટીંગના ગુનામા નાસતો-ફરતો આરોપી સંજયકુમાર નટવરલાલ જાતે પટેલ ઉ.વ. ૩૪ રહેવાસી સી/૧ સહવાસ એપાર્ટમેન્ટ ટી.વી.૯ ની ગલીમા રવીનગર સ્કુલની બાજુમા જીવરાજ પાર્ક અમદાવાદ શહેર મુળ વતન ગામ સરઢવ નાગરવાસ તા.જી.ગાંધીનગર નાને આજરોજ તા-૨૫/૦૩/૨૦૧૭ ના રોજ કલાક ૧૮/૫૦ વાગે મળી આવતા અત્રેના પો.સ્ટે.ના ફસ્ટ ગુ.ર.નં.-૩૫૦/૧૨ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ મુજબ અટક કરી આગળની કાર્યવાહી કરેલ હતી.

સદરી આરોપીની વધુમા પૂછપરછ કરતા શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની રાજ કોમ્પલેક્ષ નરોડા રોડ અ.વાદ ખાતેથી તા.૦૮/૦૭/૨૦૦૮ રોજ સી.એન.જી રીક્ષા નં જી.જે.૧૮.એ.ટી..૪૯૦૩ લેવા સારૂ રૂ.૧,૨૧,૦૦૦/- ની લોન લીધેલ હતી જે લોનના હપ્તા ઉપરોક્ત કંપનીમા આરોપીએ ભરપાઇ નહી કરી રીક્ષા બારોબાર પરેશભાઇ ઇશ્વરલાલ પટેલ રહે ગામ-સોજા નારદીપુરની બાજુમા તા.જી.ગાંધીનગર નાઓને વેચી મારી ઉપરોક્ત શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની સાથે ચીટીંગ કરતા ગઇ તા.૧૪/૧૦/૨૦૧૨ ના રોજ ઉપરોક્ત ફાયનાન્સ કંપનીના મેનેજર સંદિપકુમાર પરમાભાઇ રાઠોડ રહે શાહ પોપટલાલ મોહનલાલની ચાલી સીટી ગોલ્ડ સીનેમા પાસે સરસપુર અમદાવાદ શહેર નાઓએ શહેરકોટડા પોલીસ સ્ટેશનમા ફર્સ્ટ ગુ.ર.ન.૩૫૦/૧૨ ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦ મુજબની ફરીયાદ દાખલ કરાવેલ હતી સદર આરોપી છેલ્લા કેટલાય સમયથી ટી.વી.૯ પ્રેસની જીવરાજ પાર્ક ખાતેની ઓફીસમા ડ્રાઇવર તરીકે નોકરી કરતો હતો સદર આરોપીએ બીજી કેટલીક ફાયનાન્સ કંપનીઓ સાથે ચીટીંગ કરેલ છે તેમજ સી.એન.જી. રીક્ષા રીકવર કરવાની તપાસ તજવીજ પો.સબ.ઇન્સ જે.એ.બારોટ નાઓએ હાથ ધરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ

દાણીલીમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન. ૯૪/૨૦૧૬ ઈ પીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો ગઈ તા-૨૯/૧૦/૧૬ ના કલાક ૨૦/૦૦ થી તા-૦૩/૧૧/૦૨૦૧૬ ના કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન બી/૭૬ ઈલાબેન એસ્ટેટ મહમદ મોઈન ફેક્ટરી આર.વિ.ડેનીમ ફેક્ટરીની બાજુમાં દાણીલીમડા અમદાવાદ શહેર ખાતે બનેલ જે ગુનાના કામના ફરીયાદી નામે મોહમદ મોઈન ફરીદમિયા જાતે શેખ ઉવ ૪૦ ધંધો વેપાર રહે. મ.ન. ૧૮ નંદન સોસાયટી શાહપુર બાય સેન્ટર શાહપુર પોલીસ સ્ટેશન સામે અમદાવાદ શહેર નાઓ છે જે ગુનાના કામે ચેઈન ચપ્પો સેટ ૧ કીમત રુપીયા ૧૦,૦૦૦/ તથા વેલ્ડીંગ મશીનનુ કેબલ, કેબલ મશીનના ચેનલ કોટીંગવાળા, જેની કીમત રુપીયા ૨૦૦૦/ તથા ઝુલા ૧૫ નંગ કીમત રુપીયા ૪૦,૦૦૦/ તથા રબર ના ૬૦ ઈંચ એબોનાઈટ રોલ "૪" ઈંચ ની સાઈઝ ડાયામીટર ૧૦ જેની કીમત રુપીયાએ ૮૦,૦૦૦/ તથા બોયલર ની ૩૦ નંગ પાઈપ , ૨૭ ઈંચ લબાઈ ની જેની કીમત રુપીયા ૨૦૦૦/ તથા લોખડ સાંકળ આશરે ૧૫ ફુટ લાંબી, જેની કીમત રુપીયા ૨૦૦૦/ જે કુલ ૧,૩૬,૦૦૦ / નો મુદ્દામાલની ચોરી થયેલ જે ગુનાના કામે.

સિનીયર પો.ઈન્સ શ્રી આર.કે.અમીન સાહેબનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.એમ.વસાવાનાઓ સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા બેરલ માર્કેટ ઢાળ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો નસરુલ્લાખાન હબીબખાન તથા પો.કો.હર્ષદસિંહ ગંભીરસિંહનાઓએ મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી (૧) મોહસીન ઉર્ફે લાલા સન/ઓફ ઈકબાલભાઈ મેમણ ઉ.વ.૨૦ રહે : ઘર નં ૨૭, મેમણ કોલોની, સીટીઝન નગરની પાછળ, ગોસીયા મસ્જીદ પાસે, બેરેલ માર્કેટની અંદર, દાણીલીમડા અમદાવાદ શહેર (૨) આસીફ ઉર્ફે ફાટક સન/ઓફ સફીભાઈ સૈયદ ઉ.વ.૨૦ રહે : મોહન તલાવડીના છાપરા, છીપા સોસાયટી સામે, દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને પકડી લઈ દાણીલીમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૯૪/૨૦૧૬ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪, મુજબનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## વેજલપુર પોલીસ સ્ટેશનઃ

આજરોજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન ૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એન ડિવીઝન સા શ્રી ની મૌખીક સુચના આધારે તેમજ સીનીયર પોલીસ ઇન્સ્પેકટર સાહેબશ્રીના સીધા માર્ગદર્શન આધારે વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હા બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલ્કત સંબધી બનાવો શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ સ્ટાફના માણસો પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક : ૧૫/૪૫ વાગે વાસણા પોલીસ ચોકી આગળ આવતા મસઇ લાલજીભાઇ ભીખુભાઇ બનં ૬૪૧૪ તથા પો કોન્સ જગદીશભાઇ તુલશીભાઇ બનં ૯૭૭૦ નાઓને બાતમી હકિકત આધારે આરોપી નામે દિવ્યકાંન્ત ઉર્ફે દીપ સ/ઓ પ્રવિણભાઇ સોહેલીયા ઉવ ૧૯ રહે જી/૩ જય સોમનાથ ફ્લેટ દેવાશ ફ્લેટ રોડ ગુપ્તાનગર વાસણા અમદાવાદ શહેર નાઓનો વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ જગ્યાએથી એ ટી એમમાંથી ચોરી કરવાની કોશીશ કરતા ઇસમને પકડી તેના કબ્જામાંથી મળી આવેલ એકેટીવાનો જેનો આર ટી ઓ નંબર જોતા GJ-01-FU-2092 નો જેની કિમત રુ ૪૦,૦૦૦/ ની ગણી મુદામાલ વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૭૧/૧૭ ઘી ઇ પી કો કલમ ૩૭૯,૪૨૭,૫૧૧ મુજબના કામે ઉપરોક્ત આરોપીઓને સદર ગુન્હાના કામે આજરોજ તા ૨૫।૦૩।૨૦૧૭ ના કલાક ૧૭।૦૦ વાગે અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)